ગુજરાત સમાચાર પાના નં. ૦૬ તા. ૨૬.૦૪.૨૦૨૪



ગાંધીનગર વાસીઓ જેની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા તે મેટ્રો ટ્રેન હવે ટૂંક સમયમાં જ શરૂ થશે તેના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કારણ કે આજે મેટ્રો રેલવે અને તૈયાર થયેલા ટ્રેકનું ન્યુ સીટી તરફ ટ્રાયલ લેવામાં આવ્યું હતું. ત્યારે પ્રશાસનની આ કામગીરી જોતા લાગી રહ્યું છે કે નગરજનોને હવે ટૂંક સમયમાં મેટ્રો ટ્રેન શરૂ થઈ જશે અને તેનો લાભ પણ મળતો થઈ તો બીજી તરફ મોટાભાગના મેટ્રો ટ્રેન સ્ટેશન પણ તૈયાર થઈ ગયા છે. ત્યારે લોકસભાની ચૂંટણી પછી ગાંધીનગર માં મેટ્રો રેલ દોડતી થઈ જશે તેવું તંત્રની ગતિવિધિથી લાગી રહ્યું છે.